# પૃથ્વી

અહીં પગરવે કણે-કણ અવાજો વિના,
અને ચરણ તો દિશા ગજવતા અમારાં, થયાં
અવાક્. રજમાં અદીઠ પગલાં વહેતાં, હવે
વહે સતત બ્હાર અંદર, જગાડતી એ ધરા.

ભલે ધખધખે, છતાં હરિત હસ્ત-સ્પર્શે સદા
ભમે, દિવસ-સાંજ-રાત, વસુધા થઈ મત્સ્ય જે.
વિરાટ પ્રસરે સદાય, કરતું બધું મર્ત્ય એ
છતાંય ચિરકાલ ગુંજન કરે, અમૂલા પથે.

અજાયબ ઘડી, વળી પ્રગટતી રહે કાળમાં
જુએ હરપળે અનંત, ઇતિહાસ ભૂગોળમાં!
વહે, વહન એ કરે, સહજનો જ ગુલાલ એ
ભમ્યા જ કરતી, ધરા અજબ કોઈ આધારથી.

પ્રયોજન અતાગ એ જ સમજાય ના પૃથ્વીનું
છતાં સમયનો અનાહત વહે, વહે નિત્ય આ!

■

# જળ

વહે જળ છતાં કશું પરિમલે નહીં ભીતરે,
ઊભાં જળ અને રચાય ન તળાવ ફૂલો લચ્યાં.
રચાય તળિયું નવું, વમળ જે પછી તોડતું,
અને પ્રસરતું સદા જળ પહાડ જે વીંધતું.

વળી અકળ નાદ જે સતત ઘૂઘવે ચોદિશા
સુકાય જળ તે પછી, રવરવે અવાજો બધાં.
પળેપળ પહોંચવા, વલખતું રહે ભૂતળે,
અપાર વરસાવતું સહજ સ્નેહ આકાશથી.

ધરે અગન આગ પંડ, પણ શીત સ્પર્શે છતાં,
ધુવે નિત નવીન ડાઘ, મલહીન પાણી રહે!
કરે હરિત ધાન, એ જ જળ જે નદી-સાગરે
ઝળાહળ થતું, છતાં રણ વધે જતું શ્વાસમાં.

નથી જળ જરા, નથી નજર ક્યાંય ભીની હવે
બહુ હલચલે પ્રવાહ યુગનો, ઝમે ના કશું.

■

## વાયુ

ઊંડા અતલ શ્વાસમાં સરકતી હવા ખોલતી
હવે અવનવા વળાંક, વળતા વહે વ્યોમમાં.
પ્રવેશ હળવે કરે, સકલ જોડવા ઝૂરતી
હંમેશ ફરતી ફરે, ક્ષણ-ક્ષણે રહે જીવતી.

તિરાડ તરસે અને તલસતાં હવે દ્વાર તે
હતાં સજડ બંધ જે, યુગયુગો પછી સંચરે.
અદૃશ્ય પણ એ છતાં હરફરી કરે સ્પર્શ એ
રહે ન અનુભૂતિ તો, મરણ જેમ લાગે હવા.

અજાણ પંથ વીંધતી, ગજવતી દિશાઓ દશે.
સરે પવન પોતે જે, સકલને કરે ભવ્ય એ
ભમે, જગતને ભરે, અકળ આજને ગર્ભમાં
ધરે, અફર આવતા સમયને વધાવે સદા.

નથી ચરણ તે છતાંય ભમતી રહે વેગથી,
ભરે શઢ અને ભમે ક્ષિતિજ પારનો શ્વાસ એ.

■

# ખડક

ઊભા ખડક જે કંઈ સમયથી, મથે પામવા
અજાણ પડઘા, રહે વલખતા થરો હાંફતા.
નહોર ભણકારના સતત કોરતા પથ્થરો,
ખરે ખડક સ્હેજ ને, કણે-કણે ખરે ભેખડો.

હવા, હવડ અંધકાર ઢસડે ગુફા બહાર ને
પ્રકાશ ભમતો રહે શિખરથી તળેટી સુધી.
અદૃશ્ય ક્ષણ લૂછતી, કણસતી તિરાડો બધી,
ઘણુંય મલકાય ખીણ, ખડકો ને કંદરા.

સુદૂર ઊડતાં વિહંગ લલચાવતાં ઊડવા,
નિનાદ જળનો વહે, જગવતો બધાં કોતરો.
અનાદિ પળ વિસ્મરે, અચળ વીર યોદ્ધો હવે,
વિરામ કરતો અજાયબ વિરાટ ઓળો બની.

સુકાન બનતો હવે, ખડક શૂન્યની નાવનું,
અજાણ સફરે ધસે, રજ-રજે ઊડે પર્વતો.

■

# પાંદડું

વિના કશીક ડાળ એ, લટકતું રહ્યું પાંદડું,
છતાં કણકણે, ઘણી તરસ, મૂળસોતી રહે.
કદીક વરસાદમાં પલળતું, ટહુકો કરે,
પછી અકળ મૌનમાં, સરી જઈ ઉનાળે સહે.

ધરા, અગન, વાયુ ને કિરણ, એ જ પાણી વહે
કશુંય અડકે નહીં, પળપળે સડ્યે જાય એ.
લહેર સઘળી વહે, અવનવી સુગંધો ભરી,
નહીં ફરકતું, જરા પણ અતીત ઝાંખો છતાં.

હવે પથ પરે, અમૂલ્ય નજરે ચડે ના કશું,
દશે તરફથી, રહે વમળ કાળના ભીંસતાં.
અને તણખલુંય ના ફણગવા ફરીથી ચહે,
છતાં દિવસ-રાત, એ જ અવકાશમાં ઝૂલતું.

ક્ષણે, મરણની ક્ષણે, જનમ ધારતું લાગતું,
અને તરફડી પળે-પળ, જીવે હવે પાંદડું.

■

# રાત્રિ

અનેક વરસો વહ્યા, ન ઉરથીય રાત્રિ ખસે,
પ્રકાશ પગલાં ઘડી, પણ કરે નહીં વાસ ત્યાં.
અવાજ ઘડિયાળનો, સતત મૂળ ખોદ્યા કરે,
અજાણ સપનું જરા, અવતરે નહીં તે છતાં.

તમામ તમરાં રટે, વળી રટેય વિશ્વો બધાં
બધીય પળ સંચરે, અડગ માત્ર અંધાર એ.
થઈ અકળ રાત જે, હરફરે બિલાડી સમી
ભમે, પળ ફરી વળે, ગગન ગૂઢ નક્ષત્રમાં.

પછી સકલ રક્તમાં, ધસમસે બની સર્પ જે
વધ્યો તિમિર વેગ, નિત અથંભ, ફુત્કાર શો.
પ્રલંબિત નિશા વહે, ઢસડતી સદા સર્વને,
છતાં અવળ ગૂંચળું ઊકલતું નથી ક્યાંયથી.

અને ઊગમતું બધું, અકળ મૌનને સેવતું,
અજાણ નકશા દીઠે, સમય આંખ ભીની હવે.

■

# અજંપો

અચાનક જ જાગતા, પડળ એ અજાણી પળે,
બધીય ભરતી હવે, સકળ હાંફ જે ઠાલવે.
મૂંગા પવન ત્રાટકે, ગગનભેદી ભોરિંગ એ,
અકારણ ફરી વળે, ધસધસે તરંગો બધા.

અનેક તળિયાં ધસે, ઘૂઘવતાં અવાજો ઘૂમે
રડે તટ તૂટતાં, કરગરે બિચારાં હવે.
અપાર ડૂસકાં બની, પ્રસરતાં બધે કાળ આ,
કપાલ વિધવા કૂટે, ક્ષિતિજ પાંસળીઓ કળે.

જહાજ, દરિયો, ડૂબે મલક, માણસો સૌ બધાં
અવાચક બની જુએ, વમળ લોહી મધ્યે ભમે.
ભયાનક બની રહે, જીવન કાલ જે જે હતું,
છતાં કશુંય ના બને, તરત એ જ પાછું ફરે.

અવાજ અવશેષનો, તિમિરમાં સમાયો અને,
ધરા ઉપર સૌ હવે, અકળનો અજંપો સહે.

■

## સાદરાનો નદીકાંઠો – 2008

જુઓ અહીં, વહી રહી નદી રિક્તકાંઠે,
કાલે હતી સભર, આજ ઊભી અભાવે.
કોઈ નથી વિહગ, કોઈ નથી જ બાળા
પાણી ભરી ઘરભણી જતી ધીમી ચાલે,
ઊભી નથી રમણી કોઈની રાહ જોતી.
વાગોળતી ગતપળો શિશુના ધુબાકા,
જાણે સરે ફક્ત રેતી બની તરાપો,
કાંઠો હવે અકળનાં પગલાં ઊકેલે.

જોઈ નદી જળવિહીન અવાક ચિત્તે
યાદે ચડી નગરની રમણી ભિખારી,
રસ્તે જતાં પડી હતી નજરે બિચારી,
જોતી હતી ઉસર જીવન નિજ કાંઠે.

સૂતાં અદીઠ જળને પળમાં હલાવી
બંને વહે અચલ અંત ભણી અકાળે.

■

## રેંટિયો

આજે ગુંજે સહજ ચરખો ભૂતલે આભ વચ્ચે
નીચે ઊંડે ભીતર રણકે રેંટિયો મૌન ભીનો,
હાથે આંખે અવિરતપણે સૂતરે સૂતરે, ને
જાગે જાણે રજ રજ અને અંધકારે ઉજાસે.

જાણે ગાજે અરવ રવથી મંડિત એકતારો
પંખી ગીતો ગણગણ કરી આભને ઉતારે
ફૂલો ખીલી સઘન કરતાં સૃષ્ટિને એ સુગંધે
નાચે વૃક્ષોય ફરફરતાં પતંગિયાની સંગે.

કાષ્ઠે કાષ્ઠે સહજ વસતું એક પૈડું પમાડે
જાગે એવો સમય સરતો ને જગાડે અચંબો
લાગે આખું જગ અલગ જાણે વિસામો અનેરો
આ તો છે વર્તુળ સકળ, ના કોઈ ખૂણો ન ખાંચો.

એવું આજે રટણ કરતું મૌન પૈડું કહેતું
બાપુ રૂપે સરળ બનીને સાવ પાસે રહેતું.

■

# એક સ્નાન

રેડ્યું જરાક શરીરે જળ ને મહોર્યાં
પુષ્પો હજાર! રણકી ભીતરે કશીક
એવી અગોચર ક્ષણો - ખૂલી એક બારી
અદશ્ય ને અકળ અંદર મારી કેવી!

આકાશ છે સહજ ચૉતરફે ઢળેલું
નોખી હવે ધરતી લાગતી, ને અનેરો
વાયુ વહે, વહન એ કરતો વનોનું,
જાણે રહે સરતી, એક નવી જનેતા.

કેવું ઊભું સકલ વિશ્વ જરાક જુદું!
લાગે નવું પરમ સુંદર સર્વ આજે,
જોડાય એ જગત દૂર હતું પહેલાં
ને પંડના ખૂલી ગયા શઢ જે સૂતેલા.

જાણે લીધા જનમ મેં ફરી આજ એવો
આવી મળ્યો પ્રથમ વાર મને જ હું તો!

■

## માટલું

ક્યારેક ભરેલું, ક્યારેક ખાલી,
અજબ ગજબ છે માટલું!
સુખેથી તે ઝરે, સુખ સદા ભરે
અન્ય સુખે, સુખી, કાં માટલું?

ભીતરે ભીનાશ, બહારથી ઉદાસ
જલનો પ્રસાદ દે માટલું.
અઢળક પીવે, અઢળક ઢોળે,
અઢળક જીવે માટલું!

પીવે અંધારું ને વ્હેંચે અજવાળું,
કીમિયાગર છે ને માટલું!
નક્ષત્રો ન દૂર, પૃથ્વી ઉદરમાં,
ચકચૂર મારામાં છે માટલું.

■

## કબૂતર

ધોળું કબૂતર, ભોળું કબૂતર
આખે આખું આભ, કબૂતર.

બારી પાસે બેઠું, એ અંદર જુએ,
ધીરે ધીરે હવા, કબૂતર.

ઊડું ઊડું થાય, ઊડે નહીં તોય,
ખાલી ખાલી ભમે, કબૂતર.

ઊંચે જુએ, નીચે જુએ, સામે જુએ,
બંધ આંખે જાગે, કબૂતર.

અંદર ઊઘડે, ઊઘડતું રહે,
સુગંધથી તર, કબૂતર.

ઘૂ ઘૂ ઘૂ ઘૂ ચાલ્યા કરે અવિરત,
સ્વયં જાણે ગીત, કબૂતર.

■

# કરોળિયો

ઉપર ચડે ને પાછો નીચે પડે,
ક્યાંય ન પહોંચે, કરોળિયો!

ગૂંથે આમ જાળાં, લાગે લીલા કરે,
ના, ના ફાંફાં મારે કરોળિયો!

જાળાં રચે, બધું ઝાલવાને મથે,
જાળમાં તો પોતે કરોળિયો!

ભલે ભક્ષે વળી ભાળે છો ચોફેર,
કૈં ન ભાળે, ઘાંઘો, કરોળિયો!

પડછાયો જોઈ દોડાદોડ કરે,
ખરો છેતરાય, કરોળિયો!

ખૂણે જીવે, જુએ આભ, પામે તે તો,
મચ્છ કે માખ, કરોળિયો!

■

## ઊંટ

ઊંટનો ડગલો, રેતનો ઢગલો,
ઊંચા નીચા જાણે, પ્હાડ ચાલે.

ઉદાસ નજરે, સૂર્યાસ્તને પીવે,
લબડતા હોઠે, ધરા ચૂમે.

અવિરત ચાલી ચાલી પંથ વીંધે,
પાણીનું પોટલું કાળ પીવે.

મૃગજળ જોઈ, કાયમ તે જાગે,
ઢુવા જેવી આંખે, આંધી જુએ.

ડોક લાંબી, પુચ્છ ટૂંકી, પગે ગાદી,
લાંબા ડગ ભરે, માર્ગ વહે.

શહેરના રસ્તા, રણથી વસમા,
અમથું અમથું, ઊંટ ભમે.

# પૂર

જાણે ધસી સમયની વિકરાળ છોળો,
આવી અચાનક ડૂબાડતી સર્વ કાંઠા,
સર્વસ્વને ઢસડતી લઈ જાય જોડે,
જોતું રહે જગત તાંડવ મૂક આંખે.

આવ્યું હતું પ્રથમ તે જળ આભમાંથી,
ઊભું ઘડીક, સરતું લઈ જાય ઝાઝું.
નિઃશેષ સર્વ કરતું, વિરમે વિનાશે,
પાછું ફરે પ્રબળ રક્ત ભીનાશ છોડી.

એકાંત કે પછી અનિષ્ટ કશું બચ્યું ના,
આક્રંદતા પળપળે પડઘાય કાંઠા,
ભેંકાર મૌન ભરીને ગતિહીન જીવે
લોકો, અને પ્રતિપળે ઢસડાય શોકે.

ડ્હોળાય ભીતર, વિશુદ્ધ વહે છે વારિ,
જાણે નવી સમજની ખૂલતી જ બારી.

■